


## ધનસુરા તળાવ ખાતે ગણપતિજીની પ્રતિમાઓનું વિસર્જન કરાયુ

ધનસુરા તાલુકામાં વિવિધ જગ્યાએ ગણપતિજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું ધનસુરા તળાવ ખાતે પણ ગણપતિજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ભક્તોએ ઢોલ નગારા વગાડી ગુલાલ ઉડાડી વાજતેગાજતે ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કર્યું હતું. ભક્તોએ ગણેશ ચતુર્થીના દિવસથી શરૂ થયેલી ગણેશોત્સવને અનંત ચતુર્દશી સુધી ભગવાનની પૂજા-અર્ચના કરી હતી. ભક્તિ ભાવપૂર્વક આ તહેવારની ઉજવણી કરી હતી અને અનંત ચતુર્દશીના દિવસે ભગવાન ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કર્યું હતું. ધનસુરામાં પણ વિવિધ જગ્યાએ ભક્તો દ્વારા ભક્તિભાવપૂર્વક ગણપતિજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## પ્રાથમિક શિક્ષકોએ જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા અનોખો વિરોધ : ધારાસભ્યોને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી

રાજ્યમાં પ્રાથમિક શાળામાં ૦૧-૦૪-૦૫ પછી નોકરીમાં જોડાયેલ શિક્ષકનો જૂની પેન્શન



યોજનાનો લાભ મળે તે હેતુસર નવી પેન્શન યોજના બંધ કરવાની માંગ સાથે તાલુકા મથકોએ પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ ધારાસભ્યોને આવેદનપત્ર આપી ન્યાની માંગ કરી રહ્યા છે મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદનપત્ર આપી જૂની પેન્શન યોજના ચાલુ કરીને નવી પેન્શન યોજનામાંથી મુક્તિ આપવાની માંગણી કરી હતી.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદેદારોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ રાષ્ટ્રીય સ્તર ઉપર અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ સાથે જોડાયેલું છે. રચનાત્મક અભિગમ સાથે શિક્ષણમાં સારા પરિણામ મેળવવા માટે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સંગઠનો કામ કરી રહ્યા છે.

સરકાર દ્વારા ૧/૪/૨૦૦૫ થી નવી પેન્શન યોજના શરૂ કરવામાં આવી છે.આ પેન્શન યોજના મુજબ ૩૦ થી ૩૫ વર્ષની નોકરી પૂર્ણ કરીને નિવૃત્ત થનારા શિક્ષકોને નજીવી રકમ મળવાપાત્ર થાય છે,જેમાં નિવૃત્ત થનાર શિક્ષક પરીવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ થાય તેમ છે.જેને પગલે જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી સાથે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન તેમજ રાજ્યના શિક્ષણ મંત્રીને રજૂઆત સાથે આંદોલનો પણ કરવામાં આવ્યા છે.ત્યારે પ્રાથમિક શિક્ષકોના આ પ્રશ્ને સરકારમાં રજૂઆત કરીને અસરકારક પરિણામ અપાવવાની માંગણી સાથે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદન પત્ર આપ્યું હતું.

## દાગીના ચોરીમાં નાસતો ફરતો આરોપીને પકડી પાડતી દહેગામ પોલીસ

નર્મદા જિલ્લાના રાજપીપળા પોલીસ સ્ટેશનની હદમાં નાગાબાવાનાં દર્શન કરાવવાનું કહીને બેશુદ્ધ કરી દાગીના સેરવી લેવાના ગુનામાં નાસતો ફરતો અને દહેગામના ગણેશપુરા ભરવાડ વાસમાં રહેતો આરોપી અરજણભાઈ કરશનભાઈ ભરવાડ બારીયાનાં મુવાડા પાટિયાથી ગણેશપુરા રોડ પર જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં ઊભો હોવાની બાતમી હરેશભાઈને મળતા અરજણભાઈ ભરવાડને ઝડપી લીધો હતો.

## ભિલોડામાં કોટેજ હોસ્પિટલ પાસે વરસાદી પાણીનો ભરાવો : રોગચાળો ફેલાવાની દહેશત

બાયડ, તા. ૧૯

ભિલોડાની કોટેજ હોસ્પિટલ આસપાસ વરસાદી પાણીનો ભરાવો થતાં સારવાર લેતા દર્દીઓ તો ઠીક પણ સ્થાનિક રહીશો બિમારીના આવરણમાં આવી જાય તેવી સ્થિતિ છે. વરસાદી પાણીના નિકાલમાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. તેના કારણે કોટેજ હોસ્પિટલ નજીકના વિસ્તારોમાં મચ્છર તેમજ પાણીજન્ય રોગચાળો વકરવાની દહેશત છે.

વેપારીમથક તરીકે ઉભરી રહેલા ભિલોડામાં પ્રજા અને વેપારીઓ અનેકવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. સ્વચ્છતાના નામે મીંડુ જોવા મળે છે. જ્યારે ચોમાસાના વરસાદ પછી અનેક સોસાયટી વિસ્તારોમાં જળભરાવની સ્થિતિ ઉદ્ભવતી હોય છે. તાજેતરમાં વરસેલા વરસાદમાં કોટેજ હોસ્પિટલ વિસ્તારમાં પાણીનો ભરાવો થતાં હાલાકી ઉભી થઈ છે. ગ્રામ પંચાયત દ્વારા પાણી નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી વિસ્તાર જાણ ક બેટમાં ફેરવાયો હોય તેવી સ્થિતિ છે. વરસાદી પાણી અને ગંદકીના કારણે પ્રજા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગમાં સપડાય તેવી સ્થિતિ હોવા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યુ છે. પાણીનો ભરાવો વરસાદ થંભ્યા પછી પણ દૂર થયો ન હોવાથી કોટેજ હોસ્પિટલનો સ્ટાફ, વેપારીઓ અને રાહદારીઓ પરેશાન બની ગયા છે.

## લાભાર્થીઓએ વડાપ્રધાનને અંતરના આશિર્વાદ આપ્યા

### બાયડમાં ''ગરીબોની બેલી સરકાર'' કાર્યક્રમ યોજાયો : ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ, કોરોનામાં નિરાધાર બાળકોને સહાય અપાઈ

બાયડ, તા. ૧૯

બાયડમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે ગરીબોની બેલી સરકાર કાર્યક્રમ પ્રાંત અધિકારી ડૉ. વિમલભાઈ બારોટ, તાલુકા સંગઠન પ્રમુખ માનસિંહ સોઢા પરમાર, શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપ પ્રમુખ ગાયત્રીબેન પટેલ, બાયડ પાલિકા ચીફ ઓફિસર સાવીબેન સોનીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં ઉજ્જવલા ૨.૦ યોજનાના લાભાર્થીઓને કીટ તેમજ કોરોનામાં માતા-પિતાનું છત્ર ગુમાવનારા બાળકોને સહાય ડી.બી.ટી. મારફતે જમા કરવામાં આવી. તાલુકામાં કોરોના વેક્સીનની ૧૦૦ ટકા કામગીરી કરનાર ૨૭ સરપંચોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ગરીબોના બેલી કાર્યક્રમના અધ્યક્ષ, બાયડ પ્રાંત અધિકારી ડૉ. વિમલભાઈ બારોટ દ્વારા કાર્યક્રમનો હેતુ તેમજ લાભાર્થીઓને હાથોહાથ સહાય આપવાના કાર્યક્રમથી સૌને



માહીતગાર કરી દરેક લોકો કોરોના સામે વેક્સીનેશનથી સુરક્ષીત થાય તેવી અપીલ કરી હતી. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે સરકારની યોજનાનો લાભ સાચા લાભાર્થીઓને મળી રહ્યો છે ત્યારે વડાપ્રધાનના જન્મ દિવસના અવસરે સરકાર દ્વારા આયોજીત ગરીબોની બેલી સરકારે સાચા અર્થમાં ભાજપા સરકારના રાજમાં વંચિતોને યોગ્ય સહાય મળ્યાનું જણાવ્યુ હતુ. બાયડ તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ માનસિંહ સોઢા પરમારે ગુજરાત તેમજ કેન્દ્ર સરકારની ઉજ્જવલા યોજનાથી મહીલાઓને ચુલા ફૂંકવામાંથી મુક્તિ મળી છે અનેક ગરીબ પરીવારોની ભાજપા સરકારે સાચા અર્થમાં ચિંતા કરી છે તેમ જણાવ્યુ હતુ. ઉજ્જવલા યોજના હેઠળ ૩૦ તેમજ મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ ૬ બાળકોને લાભ આપવામાં આવ્યો હતો. વેક્સીનેશનની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનાર તાલુકાના ૨૭ સરપંચોનું સ્ટેજ ઉપર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવીણ એમ. પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ કે. પટેલ, જિલ્લા પંચાયત દંડક વિષ્ણુસિંહ ઝાલા, જિલ્લા પંચાયત રવિભાઈ વી. પટેલ, જિલ્લા ભાજપા સંગઠન મંત્રી રાહુલગીરી ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોરોના કામમાં સારી કામગીરી કરનાર તાલુકા હેલ્થ અધિકારી ડૉ. ધર્મેન્દ્ર પરમારની કામગીરી બિરદાવવામાં આવી હતી.

## અહો આશ્ચર્યમ્ : રાણીપુરામાં લીમડામાંથી સફેદ પ્રવાહી નીકળતાં ટોળા ઉમટ્યાં

બાયડ, તા. ૧૯

તલોદ તાલુકાના રાણીપુરા ગામે લીમડાના થડમાંથી ઓચિંતુ સફેદ પ્રવાહી નીકળતાં ગ્રામજનોમાં કુતૂહલ વ્યાપ્યુ છે. છેલ્લા ચાર દિવસથી પ્રવાહી વહેતું હોવાના કારણે આ અજીબો ઘટના જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા છે.

વૃક્ષોમાં ક્યારેક હેરત પમાડે તેવા બદલાવ જોવા મળતા હોય છે. વસ્પતિશાસ્ત્રના અભ્યાસુ ભલે તેને વનસ્પતિજન્ય પ્રક્રિયા કહે પણ આમ લોકો માટે તે ચમત્કાર ગણાતો હોય છે. તાલુકાના રાણીપુરા ગામે લીમડાના વૃક્ષમાંથી સફેદ પ્રવાહી નીકળવાની ઘટના આજકાલ ચમત્કારરૂપ બની છે. લીમડાના થડમાંથી સતત સફેદ પાણીની ધારા વહેતી થતાં પૂંજા-અર્ચના શરૂ થઈ છે. કેટલાક લોકો તો પ્રવાહીને પ્રસાદ માની જે વાસણ મળ્યું તેમાં પ્રવાહી ભરીને લઈ જતા હોય છે. છેલ્લા ચાર દિવસથી લીમડામાંથી પ્રવાહીની ધારા વછુટી રહી છે અને આ વાત લાકડીયા તારની જેમ આસપાસમાં ફેલાતાં લોકોના ટોળેટોળા રાણીપુરામાં ઉમટી રહ્યાં છે. આ એક વનસપ્તિમાં બદલાવની વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. છતાં ગામડાના લોકો તેને ચમત્કાર સાથે જોડી લીમડાના થડમાં ધુપ-દિવા અને પુષ્પ ચઢાવી પુંજા અર્ચના શરૂ કરી છે.

## ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સમાં પશ્ચિમ ઝોનના કુલપતિઓનું પ્રતિનિધિત્વ કરશે

એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી તરફથી પશ્ચિમ ઝોનના કુલપતિઓના પ્રતિનિધિ તરીકે સૌથી વધુ મત મેળવી આગામી દિવસોમાં પશ્ચિમ ઝોનના કુલપતિઓનું પ્રતિનિધિત્વ જીટીયુના કુલપતિ કરશે. દક્ષિણ ઝોનમાંથી શ્રી શ્રી યુનિવર્સિટીના રંજીતા કુલકર્ણી અને ઉત્તર ઝોનમાંથી અંકુર કુલકર્ણીને છેં તરફથી વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

## અરવલ્લીમાં મંજુર ર૬000 શૌચાલયમાં લાભાર્થીઓનાં ડુપ્લીકેશન કૌભાંડનાં એંધાણ

### ડુપ્લીકેશન થતાં બાયડનાં પુર્વ ટી. ડી. ઓ. એ મંજુર શૌચાલયોમાં લાભાર્થીઓની ફરી યાદી બનાવડાવી હતી : કોન્ટ્રાકટરોએ બિનકુશળ સ્વસહાય જૂથો સાથે એમ. ઓ. યુ. કરી નાણાં ખંખેર્યા

બાયડ તા.૧૯

અરવલ્લી જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત થયેલી કામગીરીમાં સ્વચ્છતાના માપદંડો હાંસલ કરવાને બદલે અધિકારીઓ અને કોન્ટ્રાકટરોએ ખાયકીમાં વધું રસ દાખવ્યો છે. સમગ્ર જીલ્લામાં ૧૩૪કરોડના ખર્ચે તૈયાર કરાયેલ શૌચાલયોમાં આજે ખંડેર બનીને ઉભા છે.ત્યારે નવા ૨૬ હજાર શૌચાલયો બનાવવા કોન્ટ્રાકટરો થનગની રહ્યાં છે.શરૂઆતના તબક્કેથી જ બાયડ તાલુકામાં તૈયાર કરાયેલ લાભાર્થીઓની યાદીમાં પહેલાથી જ લાભ લઈ ચૂકેલ લાભાર્થીઓને નામે ફરી શૌચાલયો ફાળવવાનો કારસો રચાયો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર નવી લાભાર્થી યાદીમાં અગાઉના જ લાભાર્થીઓના અન્ય પરિવારજનોના આધાર નંબરને આધારે નવા શૌચાલયો ફાળવવા માટે યાદી તૈયાર કરી દેવાઈ હતી.પરંતું પુર્વ તાલુકા વિકાસ અધિકારીએ તલાટીઓ મારફત લાભાર્થીઓની યાદી સુધરાવતા તાલુકાના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની આશા પર પાણી ફરી વળ્યું હતુ.જોકે જિલ્લાના અન્ય તમામ તાલુકામાં આ પ્રકારે જ યાદી તૈયાર કરી અગાઉ બનાવેલ શૌચાલયોનું જ જીઓ ટેગિંગ ને આધારે કોંકળુ ગુચવાનો કારસો રચાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે.ત્યારે તમામ તાલુકામાં નવા આકાર પામનાર શૌચાલયોની યાદીની ખરાઈ કરી સાચા લાભાર્થીને લાભ મળે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જીલ્લામાં અગાઉ કોન્ટ્રાકટરોએ બિનકુશળ સ્વ-સહાય જૂથોને નામે ઠેર ઠેર શૌચાલયો ખડકી દઈ ગુણવત્તાના માપદડ જાળવ્યા વગર શૌચાલય દીઠ ૪ થી ૫ હજારની રોકડી રળી લીધી છે.શૌચાલયની કામગીરીમાં અસંખ્ય ફરિયાદો સામે આવ્યાં બાદ જિલ્લાનું પ્રશાશન આ હકીકતથી સુપેરે અવગત હોવા છતાં તપાસ કરવાને બદલે આંખ આડા કાન કરી બેસી રહ્યુ છે.સરકારી વિભાગમાં ફરજ બજાવતા કેટલાંક વહીવટકર્તાઓ જ પોતે કોંન્ટ્રાક્ટર બની સ્વ-સહાય જૂથો સાથે ખાનગી રાહે એમઓયુ કરી યોજનાકીય લાભો ખાટી રહ્યાં છે.જીલ્લામાં ભૂતકાળમાં આ પ્રકારના વચેટીયા અમલદારોએ જ આડેધડ લાભાર્થી યાદીઓ તૈયાર કરી પોતાની નજીકના સરપંચો તેમજ તલાટીઓ સાથે સાઠ ગાંઠ રચી બોગસ લાભાર્થીઓ ઉભા કરી સરકારી પડતર જમીનો કે જાહેર રસ્તાઓ પર શૌચાલયો ખડકી દઈ કરોડોની કમાણી ઘરભેગી કરી લીધી છે.અરવલ્લી જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત થયેલી શૌચાલયની કામગીરીમાં નર્યું હંબક ચાલતું હોવા છતાં તંત્ર તપાસ કરવાને બદલે સુપેરે કામગીરી ચાલી રહી હોવાનો રાગ આલાપી રહ્યા છે.

### બે વાર લક્ષાંક અવધિ પુર્ણ છતાં શૌચાલયો ન બન્યાં

સમયસર જીલ્લામાં વિકાસની કામગીરી ન થવા બદલ કડક કાર્યવાહી કરવાને બદલે અગાઉના જીલ્લા વિકાસ બે વાર લક્ષાંક પુર્ણ કરવાની અવધિ અપી હોવાનું જાણવા મળ્યું છે.૧૫ ફેબ્રુઆરીએ શૌચાલય બનાવવાની કામગીરી પુર્ણ ન થતાં સમય અવધિ ૩૯ફેબ્રુઆરી સુધી વધારી હતી પરંતું ત્યાર બાદ પણ કામો પુર્ણ થયા ન હોવાનું જાણવા મળ્યું છે

### બાયડ તાલુકામાં તલાટીઓ જ કોન્ટ્રાકટર બની બેઠાની ચર્ચા

શૌચાલય દીઠ ૪ થી ૫ હજારની આવક મેળવવા બાયડ તાલુકાના કેટલાક તલાટીઓ સ્વ સહાય જૂથો સાથે ખાનગી રાહે એમ.ઓ.યું કરીને યોજના શરૂ થયા બાદ આટલા વર્ષોથી કોન્ટ્રાકટરની ભુમિકા ભજવી રહ્યાં છે. રાજકીય વગ ધરાવતાં આ તલાટીઓ તાલુકાના કર્મચારીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારના અન્ય તલાટીઓ તેમજ સરપંચો સાથે ભાગબટાઈનો ખેલ રચી ગ્રામ્ય એક નાં એક જ લાભાર્થીઓ ઉભા કરી શૌચાલયો બનાવી રહ્યાં છે. શૌચાલય કામગીરીમાં સ્થાનિક સ્તરે જેનાં શીરે દેખરેખ જવાબદારી સોંપાઈ છે તે જ તલાટીઓ જિલ્લાના ઉપલી કક્ષાના અધિકારીઓને ખુશ રાખી ગુણવત્તા વિહોણા શૌચાલયો બનાવતા હોવાની રાવ ઉઠતા કોની વિરૂદ્ધ તપાસ હાથ ધરવી તેં એક ચર્ચાનો વિષય બન્યો છે.

### બાયડ તાલુકામાં ૯ હજાર શૌચાલયો માટે ૪૫૦૦થી વધુ બોગસ લાભાર્થીઓની યાદી બનાવાઈ

જીલ્લામાં શૌચાલયો બનાવવાની પળોજણ વચ્ચે બાયડ તાલુકા પંચાયતનાં અધિકારીઓએ ભાંગરો વાટયો હતો.ચાલુ વર્ષે એન.ઓ.એલ.બી.ની ગ્રાન્ટ હેઠળ મંજુર કરાયેલા ૯ હજારથી વધું શૌચાલયો બનાવવા તાલુકા પંચાયતની એસ.બી.એમ શાખા દ્વારા લાભાર્થીઓની યાદી તૈયાર તો કરી દીધી હતી.પણ આ યાદીમાં સામેલ લાભાર્થીઓ પૈકી ૪૫૦૦ થી વધું લાભાર્થીઓ એવા મળી આવ્યાં હતાં કે જેમનાં પરિવારમાં અગાઉના વર્ષોમાં શૌચાલયનો લાભ મળી ચુક્યો હોય.છતાં આવા લાભાર્થીઓનાં શૌચાલય નું જીઓ ટગિંગ કરાવી એકના એક શૌચાલય પર નાણા કમાવવા કર્મચારીઓ અને કોન્ટ્રાકટરોની મિલિભગતનો પર્દાફાશ બાયડના અગાઉના ટી.ડી.ઓ કાજલ એન.આબલિયાએ કર્યા હતો.એસ.બી.એમ વિભાગ દ્વારા શૌચાલય ફાળવણીમાં ચલાવવામાં આવેલી પોલંપોલ બહાર આવ્યાં બાદ ટીડીઓએ તાત્કાલિક ગ્રામસેવકો અને તલાટીઓ પાસે ડોર ટુ ડોર સર્વે કરાવ્યો હતો.

### મોડાસા, માલપુર, ધનસુરા, મેઘરજ તેમજ ભિલોડા તાલુકામાં NOLBની કામગીરી શંકાના દાયરામાં

જીલ્લામાં ગ્રામવિકાસ એજન્સી દ્વારા એક તરફ શૌચાલયો બનાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે તો બીજી તરફ બોગસ લાભાર્થીયાદીનું કોંકડુ બહાર આવતાં હડકંપ મચ્યો છે.જિલ્લાના બાયડ તાલુકામાં અગાઉ લાભ મેળવી ચુંકેલ લાભાર્થીઓને ફરીવાર લાભ આપવાનો પેતરો સામે આવ્યાં બાદ જીલ્લામાં મોડાસા, માલપુર,ધનસુરા,મેઘરજ તેમજ ભિલોડા તાલુકામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ નવા મંજુર થયેલા શૌચાલયોની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે આ તાલુકામાં પણ બાયડ જેવી જ પોલમપોલ ચાલી રહી હોવાનું આધારભૂત સૂત્રોના હવાલેથી જાણવા મળ્યું છે.ત્યારે આ મામલે તપાસ થાય તો અરવલ્લી જીલ્લામાં શૌચાલયની કામગીરીમાં ચાલતી તિકડમબાજીનું મસમોટું કૌભાંડ બહાર આવવાની શક્યતા છે. એક તરફ જીલ્લામાં શૌચાલય બનાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે તો બીજી તરફ એકના એક નામે શૌચાલયોની યાદીઓ તૈયાર કરી નાખતા જરૂરિયાતમંદ લાભાર્થીઓ લાભથી વંચિત રહી જાય તેવી દહેશત વચ્ચે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો ને બખ્ખાં થઈ જાય તેવો ઘાટ સર્જાયો છે.